કોવિડ-૧૯ અને ગર્ભાવસ્થા

હાર્વર્ડ હેલ્થ પબ્લિશિંગના સહયોગથી COVID-19 સ્વાસ્થ્ય સાક્ષરતા પ્રોજેક્ટ બનાવામાં આવ્યો છે

હું ગર્ભવતી છું. મને શું અસર થઈ શકે છે?

કોવિડ-૧૯ ગર્ભવતીસ્ત્રીઓ માટે શું વધુ ખતરનાક છે? જો હું ગર્ભવતી છું, તો શું મને કોવિડ-19 નો ચેપ જલ્દીથી લાગે?

અમને હજી સુધી ખબર નથી કે સગર્ભા સ્ત્રીઓને કોવિડ-૧૯ થી શું અસર થાય છે. સગર્ભા સ્ત્રીઓને સંબંધિત વાયરસથી ગંભીર રોગનું જોખમ વધારે છે, તેથી સગર્ભા સ્ત્રીઓને જોખમ વસ્તિ ગ્રુપમાં ગણવામાં આવે છે. જો કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે મોટાભાગની સગર્ભા સ્ત્રીઓ મધ્યમ ફ્લૂ જેવા લક્ષણોનો અનુભવ કરશે.

જો હું ગર્ભવતી હોવું અને કોવિડ-૧૯ નો ચેપ લાગે તો શું મને ગર્ભાવસ્થામાં મુશ્કેલીઓ આવશે?

કોવિડ-૧૯ ગર્ભાવસ્થા પર વિપરીત અસર કરે છે કે કેમ તે અમને હજી સુધી ખબર નથી. અન્ય કોરોનાવાયરસ (દા.ત. સાર્સ) સાથે ચેપ લાગવાના કેસોમાં ગર્ભપાત જોવા મળ્યો છે. પહેલા ત્રણ મહિનામાં વધારે તાવ બાળક માટે હાનિકારક છે.

જો હું ગર્ભવતી છું અને મને કોવિડ-૧૯ નો ચેપ હોય, તો શું મારા બાળક ને પણ ચેપ લાગી શકે છે?

હાલમાં, ગર્ભાશયમાં માતાથી બાળક સુધી કોવિડ-૧૯ પસાર થયાના કોઈ પુરાવો નથી. જો તમને કોવિડ -19 હોય, તો તમારા બાળકના જન્મ પછી તેને ચેપ અટકાવવા માટે સાવચેતી રાખવી (દા.ત. હાથ ધોવા).

જો હું ગર્ભવતી હોય તો કોવિડ-૧૯ થી મારી જાતને કેવી રીતે સુરક્ષિત રાખી શુકુ?

સગર્ભા સ્ત્રીઓ માટેનું નિવારણ સામાન્ય લોકો માટેના નિવારણ સમાન છે. સલાહ-સૂચન માટે સીડીસી માર્ગદર્શન જુઓ.

શું હોસ્પિટલમાં મારી અને મારા બાળકની સંભાળ રાખવા માટે પૂરતા ડૉક્ટરો હશે?

હા. હોસ્પિટલ તમે અને તમારું બાળક સલામત રહે તેનું ધ્યાન રાખશે અને તમારા બન્નેની સંભાળ રાખશે.

મારે શું કરવું જોઈએ?

હું જે અસ્વસ્થતા અનુભવું છું તે હું કેવી રીતે સંભાળ લઇ શકું?

ઘણા લોકો માટે, અને ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ માટે આ તણાવપૂર્ણ સમય છે. આ પડકારજનક સમય દરમિયાન અસ્વસ્થતા ઘટાડવાના ઉપાયો માટે ઘણા સાધનો ઉપલબ્ધ છે.

રોગચાળા દરમિયાન, મારે હજી પણ મારા સ્ત્રીરોગચિકિત્સકને મળવું જોઈએ?

તમારા ડૉક્ટર ને સલાહ-સૂચન માટે ફોને કરો. આ સલાહ-સૂચન ઉપલબ્ધ સાધનો, તમારા તબીબી ઇતિહાસ અને ગર્ભાવસ્થાના તબક્કાના આધારે બદલાઈ શકે છે. જો તમે ડૉક્ટર ને મળવા જાઓ, તો જાહેર પરિવહનમાં જશો નહિ અને વારંવાર બીજાનો સ્પર્શ થતી સપાટીઓને અડશો નહિ. તમારા હાથને વારંવાર સાબુ અને પાણીથી અથવા સેનિટાઇઝરથી વારંવાર ધુઓ.

એક્સપોઝર ટાળવા માટે શું મારે ઘરે જન્મ આપવા અંગે વિચાર કરવો જોઇએ?

આવા સમયે હૉસ્પિટલ કદાચ ભયવાળી જગ્યા લાગે. પરંતુ, તમારી અને તમારા બાળકની સલામતી સુનિશ્ચિત કરવા માટે ચેપ પ્રોટોકોલ હૉસ્પિટલ માં હોય છે. ઘરે જન્મ આપવાનું માતા અને બાળક બન્ને માટે ગંભીર જોખમ છે. કૃપા કરીને તમારા ડૉક્ટર સાથે તમારી ચિંતા અંગે ચર્ચા કરો.

જો મારે આવતા થોડાક મહિનામાં ગર્ભવતી થવું હોય તો શું કરવું જોઈએ?

- તમારા ડોક્ટરની સલાહ લો, ખાસ કરીને જો તમને શંકા હોય કે તમને ચેપ લાગ્યો છે અથવા ચેપ લાગી શકે છે. તમારા ડોક્ટરની પરવાનગી મળે ત્યાં સુધી ગર્ભધારણ માટે રાહ જુઓ.
- જો તમે ગર્ભાવસ્થાને રોકવા માંગતા હોય તો તમારા ડોક્ટરની સલાહ લો કે તમારી પાસે પૂરતા પ્રમાણમાં ગર્ભનિરોધક દવા છે. જો તમને શંકા છે કે તમને અથવા તમારા સાથીને ચેપ લાગ્યો છે, તો યાદ રાખો કે નજીકના શારીરિક સંપર્કથી ચેપ લાગવાનું જોખમ વધી શકે છે.

છેલ્લા સુધારાની તારીખ: 3/23/20